પત્રિકા ૧૨૮

ચિરાગે હિદાયત

૧૩/૧૦/૧૭
૨૨ મોહર્રમ

# આ અઠવાડિયાની મુનાસેબત

## ૨૫ મોહર્રમ – શહાદતે ઈમામ ઝયનુલ આબેદીન(અ.સ.)

# ઈમામ સય્યદે સજ્જાદ(અ.સ.)ની ઈમામત

ઈમામ હુસૈન(અ.સ.)ની શહાદત બાદ ઈમામ સજ્જાદ(અ.સ.)ની ઈમામત ખુબજ મુશ્કેલીની હાલતમાં શરૂ થઈ. જ્યારે દુશ્મનો આગ લઈને એહલેબૈત(અ.મુ.સ.)ના ખૈમાઓને સળગાવવા આવ્યા ત્યારે ઈમામતમાં પહેલો મસઅલો મા અને ફુફીઓને જાન બચાવવા માટે ખૈમાઓમાંથી બે રીદા બહાર નીકળી જવા આપ્યો. ઈમામતના પહેલા જ દીવસે આપના કદમોમાં ઝંજીર અને ગળામાં કાંટાળો તોક નાખવામાં આવ્યો અને મઅસુમ બચ્ચાઓ અને ઔરતોની અસીરીની સરદારી કરવી પડી. આવી મુસીબતો પર સબ્ર કરનાર ઈમામ(અ.સ.)એ રસૂલેખુદા(સ.અ.વ.)એ જે દીનનો પાયો નાખ્યો હતો તે દીનને જીવંત રાખવાનો હતો.

આવી અસીરીની સ્થિતિમાં આ કાર્યને અંજામ આપવું ખુબજ મુશ્કેલ કાર્ય હતું. પણ આ સાબીર ઈમામ(અ.સ.)એ આ કાર્યને કેવી રીતે અંજામ આપ્યું? તે એક મહત્વનો સવાલ છે. આ ઈમામ(અ.સ.)ના કાર્યો તરફ એક નજર કરીએ.

હઝરત ઈમામ સજ્જાદ(અ.સ.)ને ન ફક્ત ઈમામત અને શીય્યતને બાકી રાખવાની હતી બલ્કે સાથે સાથે વાકેઆતે કરબલાને પણ જીવંત રાખવાનો હતો. એવા સમયમાં કે જ્યારે હુકૂમત વિરૂધ્ધ કંઈ બોલવું તે જાનને જોખમમાં મુકવા જેવું હતું.

* *ઈમામ(અ.સ.)ના તબ્લીગી કાર્યો :*

ઈમામ(અ.સ.)એ તે રસ્તો ઈખ્તેયાર કર્યો કે જેમાં હુકૂમતની પાબંદીની કોઈ શક્યતા ન રહે અને જેની અસર ખુબજ વધારે હોય અને તોકો ઝંજીર અને અસીરીની હાલતમાં કરબલાથી કુફા અને કુફાથી શામ સુધી ઈમામ(અ.સ.)એ રસ્તામાં પણ આ મહાન કામ ચાલું રાખી શકાય.

૧) આપ(અ.સ.)એ મકસદે ઈમામ હુસૈન(અ.સ.) અને વાકેઆતે કરબલા માટે ઝબાનના બદલે આંસુઓ થકી પોતાની વાત રજુ કરી. મઝલુમનું રડવું ખુદ એક અસર રાખે છે અને આ તો માસુમ ઈમામ(અ.સ.)નું રડવું. તેની અસર એ થઈ કે જ્યારે ઈમામ(અ.સ.) રડતા તો લોકો ઈમામ(અ.સ.)ને રડવાનું કારણ પૂછતા તો જવાબમાં આપ(અ.સ.) વાકેઆતે કરબલાને બયાન કરતા.

૨) ઈમામ(અ.સ.)એ મજલીસો કાયમ કરી કે જ્યાં ઔરતો શોહદાએ કરબલા ઉપર ગિર્યા કરતી અને આ રીતે વાકેઆએ કરબલા લોકો સુધી પહોંચતો રહ્યો.

૩) ઈમામ(અ.સ.)એ એહલેબૈત(અ.મુ.સ.) ઉપર થયેલા ઝુલ્મો સિતમ અને તેમની શહાદત ઉપર આંસુ વહાવવાના સવાબનો ઝિક્ર કર્યો, રિવાયતો બયાન કરી. જેની લોકો ઉપર ખુબજ અસર થઈ. જેની સામે ઝમાનાની હુકૂમત લાચાર હતી. આપ(અ.સ.)એ એવો તરીકો ઈખ્તેયાર કર્યો કે જે લોકો ઈમામ(અ.સ.)ને કત્લ કરીને યઝીદ(લા.અ.) પાસે ઈનામની તમન્ના રાખતા હતા. તે જ લોકો પોતાની જાતને અલ્લાહના અઝાબથી પોતાને બચાવવાની કોશિશ કરી રહ્યા હતા અને યઝીદ(લા.અ.) અને તેના કાર્યોથી નફરત કરી રહ્યા હતા.

૪) જ્યારે ઈમામ(અ.સ.)ને શામના કૈદખાનામાં કૈદ કરી દેવામાં આવ્યા અને લોકોની સાથેનો સંપર્ક તૂટી ગયો ત્યારે ઈમામ(અ.સ.)એ પોતાના સંબોધનોનો અંદાજ બદલાવી નાખ્યો. આપ(અ.સ.)એ ઈસ્લામી તાઅલીમાતને દુઆઓનો લીબાસ અતા કર્યો.

આપ(અ.સ.)થી જે દુઆઓ વારિદ થઈ છે તે ફક્ત સહીફએ સજ્જાદીય્યહ પૂરતી જ સીમિત ન હતી બલ્કે તે સિવાય બીજી દુઆઓ પણ છે. દુઆઓના ઝરીએ ખુદા, રસૂલ(સ.અ.વ.) અને ઈમામ(અ.મુ.સ.) પરના લોકોના અકાએદ તાજા થઈ ગયા. હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) અને આલે રસૂલ(અ.મુ.સ.) ઉપર વારંવાર દુરૂદ અને સલામ થકી એહલેબૈત(અ.મુ.સ.)ની અઝમતને લોકો સામે બુલંદ કરી.

સલવાત કે જે જ્યાં ખુદાની બારગાહમાં રહેમત નાઝિલ થવાની દુઆ છે, ત્યાંજ ઈમામના ફઝાએલ અને કમાલનો પણ ઝિક્ર છે. દરેક ઈન્સાફ પસંદ એટલું જરૂર વિચારશે કે કોણ છે તે જેના પર દુરૂદ અને સલામ મોકલવામાં આવી રહ્યા છે?

અગર એહલેબૈત(અ.મુ.સ.) સિવાય કોઈ બીજું હોય તો દુનિયા તેને રજુ કરે. જે ઈમામ અને ઈમામતને લોકોએ સંપૂર્ણ રીતે નજરઅંદાજ કરી દીધી હતી, ઈમામ સજ્જાદ(અ.સ.) મેદાને અરફામાં આ ઈમામતને મજબૂત કરીને લોકોનું હકીકત તરફ ધ્યાન દોર્યુ.

આ દુઆમાં ઈમામ(અ.સ.)એ તૌહીદ અને નબુવ્વત પછી ઈમામતનો ઝિક્ર કંઈક આ રીતે કર્યો છે:

**પરવરદિગાર! એહલેબૈતે અત્હાર(અ.મુ.સ.) ઉપર રહેમત નાઝિલ ફરમાવ. જેઓને તે તારી હુકૂમત અને વિલાયત માટે પસંદ ફરમાવ્યા છે. પોતાના ઈલ્મના ખઝાનેદાર અને પોતાના દીનના મોહાફીઝ અને જમીનમાં પોતાના ખલીફા, જાનશીન અને બંદાઓ ઉપર પોતાની હુજ્જત છે, અને તેઓને દરેક પ્રકારની બૂરાઈથી પાક અને સાફ રાખ્યા. તેઓને પોતાની પવિત્ર બારગાહ સુધી પહોંચવાનો વસીલો અને જન્નત સુધી આવવાનો રસ્તો કરાર દીધો છે.**

**બારે ઈલાહા! તે દરેક ઝમાનામાં એક એવા ઈમામના ઝરીએ તારા દીનનું સમર્થન કર્યુ છે કે જેને તે પોતાના બંદાઓ માટે રસ્તાની નિશાનીઓ ઠરાવ્યા છે અને શહેરોમાં હિદાયતના મિનારા બનાવીને કાએમ કર્યા, જ્યારે કે તે પોતાના અહદ અને પયમાન, ઈતાઅત અને બંદગીને તેઓ(અ.મુ.સ.)ની ઈતાઅત અને ફરમાબરદારીથી જોડી દીધી. જેઓને તે તારી રેઝા અને ખુશનુદીનો ઝરીઓ ઠરાવ્યા અને તેઓની ઈતાઅતને લાઝીમ અને જરૂરી ઠરાવી અને જેઓની નાફરમાની અને વિરોધ કરવાની મનાઈ કરી, જે તેમની પનાહમાં આવે છે તે ગુનાહોથી સુરક્ષિત રહે છે, તેઓ મોઅમીનોની પનાહગાહ છે. તમસ્સુક કરવાવાળા માટે મજબુત રસ્સી છે.**

*– દુઆએ અરફામાંથી*

ઈમામ સજ્જાદ(અ.સ.)ની દુઆઓના આ જુમ્લા લોકોનું ધ્યાન હકીકત તરફ દોરી રહ્યા છે, જેઓએ ઈમામતથી દૂર રહીને કેટલું મોટું નુકસાન ઉઠાવ્યું અને પછી ઈમામ(અ.સ.)એ તે લોકોનો પણ ઝિક્ર કર્યો જે લોકો ઈમામતના રસ્તા ઉપર સાબિત કદમ રહ્યા જેમ કે,

**મઅબુદ! હઝરત મોહમ્મદ(સ.અ.વ.) અને તેમની આલ(અ.મુ.સ.)ના**

ચાહવાવાળાઓ ઉપર તેમનાથી મોહબ્બત અને વિલાયતનો દમ ભરવાવાળા પર દુરૂદ અને સલામ નાઝિલ ફરમાવ. તેઓ તેમની (એહલેબૈત(અ.મુ.સ.)ની) મંઝેલત, અઝમત અને મકામને કબૂલ કરે છે. તેઓ તેમના નકશે કદમ પર કદમ રાખે છે. તેમના રસ્તાની નિશાની પર બાકી રહે છે. તેમની દોસ્તી અને વિલાયતથી મુતમસ્સીક, તેમની ઈમામત અને રહેબરીથી જોડાયેલા, તેમની ઈમામતની પૈરવી કરવાવાળા, તેમના એહકામના ફરમાબરદાર, તેમની ઈતાઅતમાં ઉત્સાહી, તેમની હુકૂમતનો ઈન્તેઝાર કરવાવાળા અને તેમની રાહ જોઈ રહ્યા છે. તેમના ઉપર રહેમત જે બાબરકત પાકીઝા અને સવાર-સાંજ નાઝિલ થવાવાળી પાકીઝા રૂહો પર સલામતી નાઝિલ ફરમાવ, તેમની તૌબા કબૂલ કર અને તારી રહેમતના વસીલાથી સલામતીના ઘર (જન્નત)માં તેમના સાથીદાર બનાવ. અય અરહમર રાહેમીન.

*- દુઆએ અરફામાંથી*

ઈમામ(અ.સ.)ની દુઆની એહમીય્યતનો અંદાજો લગાવવો મુશ્કેલ છે. જે ઝમાનામાં લોકોએ ખિલાફતને બીજાનો હક કરાર આપીને ઈમામતના અકીદાને ભુલાવી દીધો હતો તેને આ રીતે જીવંત કર્યો.

૫) ઈમામ(અ.સ.)એ પોતાની ઈમામતના સમયગાળામાં આ કામ પણ અંજામ આપ્યું કે ઈમામતના વિરોધીઓને તેની ગંધ પણ ન આવી. તે માટે ઈમામ(અ.સ.)એ એક તરફ ગુલામોને ખરીદ્યા અને અમુક સમય પોતાની સાથે રાખીને તેમની તરબીયત કરી અને તેમને આઝાદ કરી દીધા. આ આઝાદ કરેલા ગુલામો અને કનીઝો ઈમામની ઈમામત અને ઈમામના અખ્લાક અને આદતોના બહેતરીન મુબલ્લીગ બન્યા.

આપ(અ.સ.)ના આ ઈન્કેલાબની અસર એ થઈ કે તેમના ફરઝંદ ઈમામ મોહમ્મદ બાકીર(અ.સ.) અને ઈમામ જાફરે સાદિક(અ.સ.)ને ગદીરી ઈસ્લામ અને હકીકી દીનની તાઅલીમાત બયાન કરવાનો ભરપૂર મૌકો મળ્યો.

આવો! આપણે પણ દુઆ કરીએ કે અલ્લાહ તઆલા એહલેબૈત(અ.મુ.સ.)ના હકીકી વારીસ ઝમાનાના ઈમામ(અ.સ.)ના ઝહુરમાં જલ્દી કરે.

**પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com